KCG-Portal of Journals

Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous issue-23 | August – September 2016

# ભારતમાં વ્યવહારિક સમાજશાસ્ત્ર : તકો અને પડકારો

## Applied Sociology in India: Challenges and Opportunities


**સાર સંક્ષેપ**

ભારતીય સમાજ સંક્રાંતિકાળમાંથી પસાર થઇ રહ્યો છે. કૃષિ અર્થતંત્રમાંથી ઉદ્યોગ અને સેવાનું અર્થતંત્ર પ્રભાવી થઈ રહ્યું છે.સમાજ નું સ્વરૂપ બદલાઈ રહ્યુ છે . ત્યારે વિવિધ સમસ્યાઓમાંથી સમાજને મુક્ત કરી ગાંધીયન મોડેલ કે કોમ્ત મોડેલ લાગું કરવું તેનું મનોમંથન થઈ રહ્યું છે. આવનાર સમયમા ૬૦ ટકા વસ્તી મધ્યમવર્ગની થવાની છે. ૨૦૪૦ મા ભારત વસ્તીમાં પ્રથમ બની રહેશે અને ભરત વિકાસનું ચાલકબળ બની રહેવાનું છે ત્યારે ઇચ્છિત સમાજની પુનર્રચના માટે સમાજશાસ્ત્રીઓએ સંચાલક અને માર્ગદર્શક બનવું પડશે. આ માટે સમાજશાસ્ત્રીઓએ વિવિધ શાખા વિકસાવી દરેક ક્ષેત્રમાં સમાજશાસ્ત્રીય જ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરવાના કૌશલ્યો –પ્રયુક્તિઓ સમાજશાસ્ત્ર સાથે કામ કરતા લોકોને શીખવવા પડશે.

આવનાર સમયમાં ભારતમાં સમાજશાસ્ત્રની વ્યવહારિક ઉપયોગીતાની તકો ખુબ વિશાળ રહેલી છે જેમકે કુટુંબ–લગ્ન, શિક્ષણ, આરોગ્યક્ષેત્ર, મનોરજન-કાનૂની પર્યાવરણ ઉર્જા જાળવણી વહીવટી, નોકરશાહી, સંચાલન ક્ષેત્ર, વેપાર-ઉદ્યોગ જનસંચાર ક્ષેત્ર જેવા અનેક ક્ષેત્રમાં સમાજશાસ્ત્રીય જ્ઞાનનો વ્યવહારિક ઉપયોગ કરી શકાય તેમ છે.

પરંતુ આ તકો મેળવવા જતા પહેલા ભારતમાં કેટલાક પડકારો જેવાકે સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોની સ્પષ્ટ તેમજ વ્યવહારિક ઉપયોગીતા શીખવવાનો અભાવ,પરીક્ષાલક્ષી શિક્ષણ, અંગ્રેજી અને કોમ્પ્યુટર જ્ઞાનમાં પછાતપણું ,સંશોધન કૌશલ્યોનો અભાવ, શિક્ષણ ક્ષેત્ર કરતા બિન શૈક્ષણિકક્ષેત્ર તરફ ઉદાસીનતા જેવા ઘણા બધા પડકારોનો સામનો કરવો પડશે.

આ પડકારો ઉકેલવા માટે અને તકો વધારવા માટે અભ્યાસક્રમો બદલવા પડશે તેમજ સમાજશાસ્ત્રમાં ઇન્ટરશીપ દાખલ કરવી પડશે .વ્યવહારિક ઉપયોગિતાનું માર્કેટિંગ તેમજ કેટલીક નવી એપ્લાઇડ પ્રયુક્તિઓ વિકસાવવા જેવા નવા અનેક પ્રયાસો કરવા પડશે.


**ચાવીરૂપ શબ્દો** :વ્યવહારિક સમાજશાસ્ત્ર ,તકો અને પડકારો,સમાજની પુનર્રચના,સમાંજશાસ્ત્રીઓની ભૂમિકા.

**પ્રસ્તાવના:**

ભારતીય સમાજ સંક્રાંતિ કાળમાંથી પસાર થઈ રહ્યો છે. કૃષિ અર્થતંત્રને સ્થાને ઉદ્યોગ અને સેવા અર્થતંત્ર પ્રભાવી બની રહ્યું છે. વૈશ્વિકરણની સાથે ભારત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે સાથે પરંપરાગત ભારતીય સમાજનું સ્વરૂપ પણ બદલાતું જાય છે ઘણીબધી નવી સમસ્યાઓ ઉભી થઇ રહી છે. આવી સમસ્યાઓમાંથી મુક્તિ મેળવવા અને ઈચ્છિત સમાજ રચવા માટે ગાંધીયન મોડલ લાગુ કરવું કે કોમ્ટ મોડલ કે અન્ય મોડલ લાગુ કરવું તેવું મનોમંથન સમાજશાસ્ત્રીઓ કરી રહ્યા છે. ત્યારે સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતાની આવશ્યકતા ખુબ બધી જાય છે. આ સમયે એક પ્રશ્ન ઉદભવે કે સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતાની તકો કેટલી છે? કયા ક્ષેત્રોમાં તકો રહેલી છે? તેમજ તકોની આડે રહેલા પડકારો કયા છે? કેવા સ્વરૂપે પડકારો રહેલા છે? જો આ બાબત થોડીક સ્પષ્ટ થઇ જાય તો સમાજશાસ્ત્રમાં રસ લેનાર અને કાર્ય કરનાર તેમજ કારકિર્દી બનાવનારને માર્ગદર્શન મળશે અને તેઓ પોતાની મંજિલ સુધી પહોંચી શકશે.

આવનાર સમયમાં ભારત ૨૦૪૦માં વસ્તીમાં પ્રથમ નંબરે રહેવાનું છે તેમજ ભારતની ૬૦ ટકા વસ્તી મધ્યમવર્ગની બનવાની છે. ભારત વિકાસનું ચાલકબળ બની રહેવાનું છે ત્યારે સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતાની આવશ્યકતા ખુબ બધી જશે. ઈચ્છિત સમાજની રચના માટે વિવિધ ક્ષેત્રે ઉદભવતી સમસ્યા હલ કરવા માટે સમાજશાસ્ત્રીઓએ માર્ગદર્શન કરવું પડશે. નીતિ નિર્માણ કરવું પડશે સંચાલક બનવું પડશે. વિકાસનો લાભ બધાને યોગ્ય રીતે મળે તે માટે કાર્ય કરવું પડશે આ માટે વિવિધ ક્ષેત્રે સમાજશાસ્ત્રીય જ્ઞાન અને કૌશલ્યો ધરાવતા નિષ્ણાતોની જરૂર પડશે આ માટે સમાજશાસ્ત્રની વિવિધ શાખાનો વિકાસ કરી તેવા જ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરી શકે તેવા કૌશલ્યોની તાલીમ સમાજશાસ્ત્રના વિદ્યાર્થીને આપવી પડશે. ટૂંકમાં સમાજશાસ્ત્રીઓની જવાબદારી વધી જવાની છે.

આ સંદર્ભમાં ભારતમાં આવનાર સમયમાં સમાજશાસ્ત્રની વ્યવહારિક ઉપયોગીતાની તકો અનેક ક્ષેત્રમાં પુષ્કળ રહેલી છે પરંતુ સામે ઘણા બધા પડકારો રહેલા છે જો આપણે પડકારોને જાણીને ઉકેલી શકીએ તો ભારતમાં વ્યાવહારિક સમાજશાસ્ત્રમાં ખુબજ કામ થઇ શકશે. પરિણામે સમાજશાસ્ત્રના વિદ્યાર્થિઓ અને કાર્યકરોને સૌથી વધુ લાભ મળશે અને સાથે સમાજ અને રાષ્ટ્રને પણ લાભ મળશે તે મુદ્દો ચર્ચવાનો અહી પ્રયાસ કર્યો છે.

**સમાજશાસ્ત્રની વધતી માંગ :-**

વૈશ્વિકરણ અને આધુનિકરણની અસર સમાજના બદલાવમાં દેખાઈ રહી છે. સમાજનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે.સામાજિક પ્રક્રિયા ઝડપી બની રહી છે તો સામાજિક સમસ્યાઓ પણ વધી રહી છે તેવા સમયે સમાજને સ્થિરતા આપી પ્રગતિ થતી રહે તેવ સમાજની રચના માટે સમાજશાસ્ત્રની ઉપયોગીતા વધતી ગઈ છે. નીતિ નિર્માણમાં વિકાસ કાર્યક્રમોના આયોજન અને અમલમાં સમાજશાસ્ત્રનું જ્ઞાન ખુબ ઉપયોગી થઇ પડ્યું છે. વેપાર વાણીજય ઉદ્યોગ સેવા ક્ષેત્રમાં સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતા વધી છે. જ્યાં-જ્યાં માનવ સમૂહ માનવ સંસ્થા માનવ સંબંધો છે ત્યાં સુંદર વ્યવસ્થા,વ્યવહાર વાતાવરણ સર્જવામાં સમાજશાસ્ત્રની વ્યવહારુકતા લાગુ કરી શકાય છે.

આજે સંઘર્ષો થી દુ:ખી જગતને માનવતાનું શિક્ષણ એક માત્ર ઉદારવાદી આર્ટસ શાખા તેમાય સમાજશાસ્ત્ર વિષય અગ્રેસર બની રહ્યો છે.સમાંજ્શાસ્ત્રના નવા ખ્યાલો- સિદ્ધાંતો અને પદ્ધતિઓ શોધી સમાજની સમસ્યા દુર કરવાની પ્રજાની અપેક્ષા સમાજશાસ્ત્ર અને સમાજશાસ્ત્રીઓ,સામાજિક કાર્યકરો પાસેથી વધી ગઈ છે.તેથી આપણે વિષયનું ઊંડાણપૂર્વક જ્ઞાન લઇ સુંદર સમાજ અને મજબુત સમૃદ્ધ રાષ્ટ્ર નિર્માણમાં પ્રદાન કરવાનું છે તે માટે તૈયાર થવાનું છે.

**ભારતમાં વ્યાવહારિક સમાજશાસ્ત્રની તકો** :-

વ્યાવહારિક સમાજશાસ્ત્રનું લક્ષ્ય પ્રશ્નો વિષે જાણકારી મેળવી તેનો ઉકેલ લાવવાનો છે અને આ માટે કેટલાય પ્રકારના જ્ઞાનની આવશ્યકતા રહે છે પ્રથમ તો પ્રશ્નના પાસા જોતા આવડવા જોઈએ તે માટે એક બે ટેકનીકનો સમાવેશ કરવો જોઈએ તેમાં ઈન્ડીકેટર નક્કી કરવા જોઈએ. વૈકલ્પિક વ્યૂહરચના દ્વારા પ્રશ્નોને હાથમાં લઇ ઉકેલવા જોઈએ. સમાજશાસ્ત્રીય જ્ઞાનના ઉપયોગ દ્વારા સમસ્યા ઉકેલવાની પ્રયુક્તિઅઓ શોધવી જોઈએ. કારણકે વ્યાવહારિક સમાજશાસ્ત્રનું છેલ્લું લક્ષ્યતો લોકોના જીવનની ગુણવત્તા સુધારવાનું છે. આ માટે આપણે મોટી કલ્પના વિચાર- સાધનો કૌશલ્યો અને પ્રયત્નો-પ્રવૃતિઓ વધારવી પડશે. સમાજશાસ્ત્ર સાથે કામ કરનારે આ દ્રષ્ટીએ દરેક ક્ષેત્રે કામ કરવાનું છે તેથી વિશાળ તકો રહેલી છે.

સમાજશાસ્ત્રની વિષય શાખા તરીકે એક દેખીતી લાક્ષણિકતા એ છે કે તેની વ્યાવહારુકતા (Applicability) ખુબજ વિશાળ છે. સમાજશાસ્ત્રના ખ્યાલ દૈનિક જીવનમાં અને વિવિધ ક્ષેત્રે લાગુ કરી શકાય છે. જ્યાં માનવસમૂહ છે-માનવસંબંધો છે ત્યાં સમાજશાસ્ત્રની વ્યાવહારુકતા છે. ભારતમાં વ્યાવહારિક તકોના વિવિધ ક્ષેત્રો નીચે મુજબ છે જેમાં ખુબ વિવિધ-વિશાળ તકોને અવકાશ રહેલો છે.

**૧. શિક્ષણ ક્ષેત્ર** :-

શિક્ષક ,અધ્યાપક,ટ્રેનર, કોચરને તાલીમ આપવામાં અભ્યાસક્રમ નિર્માણમાં શિક્ષણ પદ્ધતિમાં, પરીક્ષા પધ્ધતિમાં સમાજશાસ્ત્રીય જ્ઞાનને લાગુ કરવાનો છે. તેજ રીતે શિક્ષણ સંસ્થાના સંચાલનમાં સલાહકાર નિયામક તરીકે, શિક્ષણ નીતિના ઘડવૈયા તરીકે સમાજશાસ્ત્રીઓ સંચાલક માર્ગદર્શક બની શકે છે. બાળકો,યુવાનોને તાલીમ શિક્ષણ માટે સમાજશાસ્ત્રની વ્યાવહારુકતા લાગુ કરવાની આવશ્યકતા વધી ગઈ છે. શિક્ષણના અને જ્ઞાનના સમાજશાસ્ત્રનો ઉપયોગ કરી નિષ્ણાત બની શિક્ષણ ક્ષેત્રમાં સેવા અને કાર્ય માટે ઘણું કામ કરવાનું છે.આ ક્ષેત્ર અનેકવિધ તકો રહેલી છે. આ માટે આપણું મહત્વ-ઉપયોગ દર્શાવવો પડશે.

**૨. આરોગ્ય ક્ષેત્ર** :-

કોઈપણ સમાજ રાષ્ટ્રની સમૃદ્ધી-મજબૂતી માટે સમાજનું જાહેર આરોગ્ય શ્રેષ્ઠ જોઈએ. પ્રજાનું આરોગ્ય સારું રાખવા માટે સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતા દ્વારા લોકોના આહાર-વિહાર-વિચાર-જીવનશૈલી ખોરાકશૈલી માટે માર્ગદર્શન કરવાનું છે. દવાખાના-હોસ્પીટલના સંચાલનમાં ડોક્ટર દર્દી વચ્ચેના સંબંધો જાળવવા-

ડોક્ટર-નર્સની તાલીમમાં માનવનું મહત્વ દર્શાવવા – તેમજ હોસ્પીટલમાં PRO બનવા માટે સમાજશાસ્ત્રીય વ્યાવહારિક ઉપયોગીતા દર્શાવી પડે. આરોગ્ય અને ઔષધીય સમાજશાસ્ત્ર-ખોરાકના સમાજશાસ્ત્રના જ્ઞાન લાગુ કરવા –સંશોધન કરી સમસ્યા હલ કરવા માટે આ સમાજશાસ્ત્રની વ્યાવહારુકતા ખુબજ ઉપયોગી બની છે આ ક્ષેત્રમાં હજુ અનેક નવી તકો ખુલશે જેથી તે માટે કૌશલ્યો જ્ઞાન-તાલીમ મેળવવી જરૂરી છે.

**૩. મનોરંજન ક્ષેત્ર :-**

મનુષ્યને ફુરસદ મળે છે ત્યારે આનંદ-પ્રમોદ કરવાનું મન થાય છે. આ દ્વારા પ્રવૃત્તિ કરવાની ઉર્જા મળે છે સમાજમાં લોકો ફુરસદના સમયે કઈ પ્રવૃત્તિ કરવી ગમે છે ? તેનું સંશોધન કરી પ્રજાના મનોરંજન માટે – સર્જનાત્મકતા વધે તે માટેના આયોજનો કરવા માટે સમાજશાસ્ત્રીઓથી વધુ સારી સલાહ કોઈ ન આપી શકે. ફૂરસદનું સમાજશાસ્ત્ર અને મનોરંજનના સમાજશાસ્ત્ર તેમજ કલાના સમાજશાસ્ત્રનો વ્યાવહારિક ઉપયોગ કરી વિવિધ ગેમ વિવિધ રાઈડસ પાર્ક યાત્રા-પ્રવાસ,રેસ્ટોરેન્ટ હોટેલ શરુ કરવામાં સલાહ આપી શકે. વિવિધ કલાઓ જેવી કે ગીત સંગીત ચિત્ર નાટક અભિનય કલાને ડેવલોપ કરવા માટેની સંસ્થાઓ શરુ કરવા તેને ચલાવવામાં માર્ગદર્શન આપી શકે. મનોરંજન વિવિધ ક્ષેત્રે ઉપયોગ તેમજ સમાજ સેવા માટે કેવી રીતે ઉપયોગ થઇ શકે તે માટે ઘણી બધી તકો રહેલી છે.જેમાં કામ કરી શકાય છે. લોકોને સેવા ઉપલબ્ધ કરાવવા માર્ગદર્શક બનવું જોઈએ.

**૪. કાનૂન અને ન્યાય ક્ષેત્ર :-**

કાયદાના ઘડતર અને અમલ માટે, ન્યાયતંત્રમાં સુધારા માટે સમાજશાસ્ત્રીઓએ માર્ગદર્શન કરવાનું છે. સમાજમાં ગુનાખોરી અટકે કાયદો વ્યવસ્થા જળવાય તેવા કાયદા રચવામાં ગુનેગારોને વ્યાજબી સજા થાય તેમજ લોકોને ઝડપી ન્યાય મળે તેવું ન્યાયતંત્ર, પોલીસ-જેલ તંત્ર સુધારણા માટે ગુનાનું-સજાનું સમાજશાસ્ત્ર તેમજ ન્યાયનું સમાજશાસ્ત્ર અને ન્યાય માળખું ,વકીલ-પોલીસના આંતર સંબંધો વિષે માર્ગદર્શન આપવાનું છે. કોર્ટ મેનેજમેન્ટની જગ્યામાં સમાજશાસ્ત્રનો વિદ્યાર્થી સારું કામ કરી શકે છે. કોર્ટ કેસોનો ભરવો ઓછો થાય તે માટે ઝડપી કેસોના નિકાલ માટે વ્યાવહારિક ઉપયોગીતા દર્શાવાની છે.

**૫.પર્યાવરણ અને ઉર્જા જાળવણી-રક્ષણ :-**

ગ્લોબલ વોર્મિંગ એ ગ્લોબલ વોર્નિંગ બની છે ત્યારે પર્યાવરણ રક્ષણ અને જાળવણી જરૂરી બન્યું છે. આ માટે સામાજીકરણ દ્વારા લોકો આ બાબતને આત્મસાત કરે સભાન બને તે માટે સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતા દ્વારા આ કામ સારી રીતે થઇ શકે. લોકોની જીવનશૈલીમાં-વિચારસરણીમાં બદલાવ લાવવા પડે. સંશોધન કરી કુદરતી સંસાધનો ઓછા વપરાય યોગ્ય ઉપયોગ થાય તેમજ બગાડ બંધ થાય તે માટે કાર્ય કરવુંપડશે , સમાજશાસ્ત્રનું જ્ઞાન પર્યાવરણ રક્ષણ ઉર્જા જાળવણીમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. આ માટે સમાજશાસ્ત્રીઓ સારું કામ કરી રહ્યા છે. હજુ વધારે કરવાની જરૂર છે.પર્યાવરણનું સમાજશાસ્ત્ર, વિકાસનું સંસાધનનું, સમાજશાસ્ત્ર વિકસાવવું જરૂરી છે.

**૬. સામાજિક અસમાનતા દુર કરવાનું :-**

સામાજિક-આર્થીક દરજ્જામાં વિસંગતતા દુર કરી સમાનતા લાવવા જાતિ જ્ઞાતિની અસમાનતા ભેદભાવ દુર કરવા. કાર્ય નોકરી વ્યવસાયમાં વધુ પડતી અસમાનતા દુર કરવા જેન્ડર અસમાનતા તેમજ બાળકો વૃધ્ધો યુવાનો વચ્ચેના અંતર દુર કરી સમાનતા લાવવામાં  સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતાને લાગુ કરવાની છે. આ બધા માટે મહત્વની ભૂમિકા ભજવી શકે છે. સમાનતા સ્થાપવામાં સમાજશાસ્ત્રી-કાર્યકરો સારું કામ કરી રહ્યા છે.

**૭. કુટુંબ ક્ષેત્ર  :-**

સુખી લગ્નજીવન માટે, સુખી કુટુંબજીવન માટે કુટુંબના સભ્યો વચ્ચે સુમધુર સંબંધો જાળવવા કાઉન્સેલિંગ દ્વારા સામાજીકરણ દ્વારા સંસ્થાને ચેતનવંત બનાવવા માટે માતા-પિતા-સંતાનો અને પતિ-પત્ની વચ્ચેના સંબંધો ગાઢ બનાવવા માટે સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતા લાગુ કરવાની છે આ ક્ષેત્રમાં ખુબજ તકો રહેલી છે જે માટે આપણે નિષ્ણાતો  તૈયાર કરવાના છે.

**૮. વહીવટી નોકરશાહી-રાજ્યની કામગીરી ક્ષેત્ર :-**

પ્રજાના કલ્યાણ માટે રાજ્ય જરૂરી છે. રાજ્યની કામગીરી અસરકારક બને તે માટે રાજકીય સંસ્થાઓ અને નોકરશાહીમાં  સુધારા માટે અસરકારક કાર્ય માટે વહીવટી કર્મચારીઓને તાલીમ આપવામાં સમાજશાસ્ત્ર જ્ઞાન લાગુ કરી ધાર્યું પરિણામ મેળવી શકાય છે. આ ક્ષેત્રે સમાજશાસ્ત્રીઓ માટે વિશાળ તક રહેલી છે.

**૯. જાહેર સંચાર ક્ષેત્ર :-**

સમાજમાં જાગૃતિ માટે વિકાસ-પ્રગતિ માટે જાહેર સંચાર ક્ષેત્ર શક્તિશાળી હોવું જોઈએ સંદેશાવ્યવહાર – ટીવી પ્રિન્ટ મીડિયા-તાર ટપાલ , વાહન વ્યવહાર ક્ષેત્રમાં આધુનિકતાનો વિચાર વધારે સમાજના વિકાસમાં ઉપયોગ કરવા માટે સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતા લાગુ કરવાથી સમાજનો વિકાસ ઝડપી બને છે. આ ક્ષેત્રમાં વિવિધ જગ્યાએ સમાંજ્શાત્રની વ્યવહારુકતા લાગુ કરવાનું વિશાળ તકો રહેલી છે જરૂર છે માત્ર નિષ્ણાત બની સેવા આપવાની.

**૧૦. અન્ય ક્ષેત્ર :-**

ઉપરોક્ત ક્ષેત્ર સિવાય ઘણા બધા ક્ષેત્રો જેવા કે ઉદ્યોગ-વેપાર વાણીજય, માર્કેટિંગ સંશોધન ટેકનોલોજી જેવા અનેક ક્ષેત્રોમાં સમાંજ્શાસ્ત્રની વ્યવહારુકતા લાગુ કરી શકાય છે અને સમાજજીવન સુખ શાંતિ સમૃદ્ધિ વાળું બનાવી શકાય છે. આ ક્ષેત્રોમાં વિશાળ તકો રહેલી છે આ માટે તૈયાર થવાની જરૂર છે.

**ભારતમાં વ્યાવહારિક સમાજશાસ્ત્ર સામેના પડકારો :-**

**૧. ખ્યાલો-સિદ્ધાંતો-પધ્ધતિશાસ્ત્રની સ્પષ્ટતાનો અભાવ :-**

ભારતમાં સમાજશાસ્ત્રનો ઉપયોગ માત્ર શિક્ષણમાં ડિગ્રી લેવા માટે થાય છે જેમાં માત્ર સાહિત્ય વાંચી પરીક્ષા આપી દે છે .તેમાય ગોખણપટ્ટી કરીને પેપર આપી દેવાની માનસિકતા જોવા મળે છે.વિદ્યાર્થીઓમાં ખ્યાલો,સિદ્ધાંતો અને પધ્ધતિશાસ્ત્રની સ્પષ્ટતા થતી નથી તેને દૈનિક જીવનમાં લાગુ કરી શકાય તે રીતે અભ્યાસ કરતા નથી, સમાજનું અવલોકન કરતા નથી . માત્ર પુસ્તકિયું જ્ઞાન-માહિતી મેળવે છે તેને સાચી રીતે આત્મસાત કરતા નથી. આ એક વ્યવહારમાં લાગુ કરવા સામે મોટો પડકાર છે. આટલી બધી સંખ્યામાં સમાજશાસ્ત્રનો અભ્યાસ કરતા હોવા છતાં ભારતમાં સમસ્યાઓ ઠેરનીઠેર છે કારણકે વ્યવ્હારુકતા લાગુ કરતા આવડતું નથી તેમજ સમાજશાસ્ત્રના વિષયવસ્તુની સ્પષ્ટતાનો અભાવ એક મોટો પડકાર બની રહ્યો છે.

**૨. પરીક્ષાલક્ષી શિક્ષણ-પરિક્ષા પધ્ધતિ :-**

આજે આપણે ત્યાં શિક્ષણમાં પરીક્ષામાં પાસ થવાનું મહત્વ છે આવડતનું નહી, એટલે કોઈ પણ રીતે જેતે વિષયની પરીક્ષા પાસ થવાથી જ્ઞાન પ્રાપ્ત થઇ જાય છે તેવું વિદ્યાર્થી માને છે  પરંતુ જ્ઞાનનો ઉપયોગ દૈનિક જીવનમાં કેવી રીતે થાય છે તેવી પરીક્ષા થતી નથી.બીજી રીતે કહીએ તો પરીક્ષામાં સૈદ્ધાંતિક જ્ઞાનને મહત્વ અપાય છે પરંતુ વ્યવહારમાં લાગુ કરવાને મહત્વ અપાતું નથી આમ પરીક્ષા પધ્ધતિને  લીધે સમાજશાસ્ત્રને વિવિધ ક્ષેત્રોમાં લાગુ કરવામાં અવરોધ પેદા થાય છે. આમ બીજો પડકાર પરીક્ષા પધ્ધતિ છે.જે વિદ્યાર્થીને વિવિધ તકથી વંચિત રાખે છે.

**૩. વ્યાવહારિક ઉપયોગીતા શીખવવાનો અભાવ :-**

આપણી યુનિ.કોલેજોમાં સમાજશાસ્ત્રમાં માત્ર લેકચર આપી શીખવવામાં આવે છે. આપણા અભ્યાસક્રમોમાં માત્ર સૈદ્ધાંતિક પાસા મજબુત કરવા પર ભાર મુકાય છે.પરંતુ સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતા શીખવવામાં. આવતી નથી સમાજશાસ્ત્રમાં. પ્રેકટીસ ઉપર ઓંછો ભાર મુકવામાં આવે છે. ખરેખર તો દરેક પેપરમાં અડધો ભાગ પ્રેકટીસનો  હોવા જોઈએ એટલું જ નહિ વિવિધ ક્ષેત્રમાં વ્યાવહારુકતા લાગુ કરવા માટેની ઇંટરશીપપ્રોગ્રામ –પ્રોજેક્ટ વર્ક ફરજીયાત કરવું જોઈએ એટલે કે આપણી પાસે વિવિધ ક્ષેત્રમાં તક ઘણી છે. પરંતુ વ્યાવહારિક ઉપયોગીતા શીખવવાનો અભાવ એક મોટો પડકાર બની રહે છે.

**4. અંગ્રેજી અને કોમ્પ્યુટરના જ્ઞાનનો અભાવ :-**

સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓને કારકિર્દી બનાવવા માટે કામ કરવા માટે વિશાળ તકો ઉપલબ્ધ છે. પરંતુ સમાજશાસ્ત્રીય જ્ઞાન હોય પણ અંગ્રેજી અને કોમ્પ્યુટરના જ્ઞાનમાં કચાસના લીધે એડવાન્સ બની શકતા નથી

.સમય સાથે કદમ મિલાવી શકતા નથી. સંશોધનમાં SPSS પ્રોગ્રામ E Research નો ઉપયોગ કરી શકતા નથી અંગ્રેજીમાં ફ્લુઅન્સી ન હોવાથી સારી સંસ્થામાં કામ કરી શકતા નથી આમ આ એક મોટો પડકાર બની રહે છે.

૫. **સંશોધન કૌશલ્યોનો અભાવ:-** આપણી કોલેજ અને યુનિ.માં શિક્ષણ પર વધુ ભાર મુકાય છે. સંશોધન પર ઓછો. સંશોધન સ્કીલનું મહત્વ વર્તમાન સમયમાં પુષ્કળ બધ્યું છે એ દરેક તબક્કે સંશોધનને મહત્વ આપી તેની પ્રેક્ટીસ પર વધુ ભાર મુકે તો સારી કારકિર્દી બનાવી શકે છે. તેમજ વિષય –સમાજના વિકાસમાં પ્રદાન આપી શકાય પરંતુ આપણે ત્યાં વ્યાવહારુકતામાં સંશોધનનો અભાવ એક મોટો પડકાર છે.

**૬. સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતાની આવશ્યકતાના અહેસાસનો અભાવ :-**

સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ માત્ર ડિગ્રી લેવાના સાધન તરીકે ઉપયોગ કરે છે.પરન્તુ સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં દરેક ક્ષેત્રે સમાજશાસ્ત્રના વ્યાવહારિક ઉપયોગીતાની આવશ્યકતા કોઈને દેખાતી નથી અથવા આવશ્યકતાના અહેસાસનો અભાવ જોવા મળે છે. જયારે સમાજશાસ્ત્રના બધા લોકોને એવો એહસાસ થશે ત્યારથી બધેજ વ્યાવહારિકતા લાગુ કરવાનું શરુ થઇ જશે. આમ તકો વિશાળ છે પરંતુ સમાજશાસ્ત્રીય વ્યાવહારિક ઉપયોગીતા દેખાતી થશે પ્રશ્નો હલ થઇ જશે. આ માટે અગ્રણી સમાજશાસ્ત્રીઓ ઉપયોગીતાની આવશ્યકતા રજુ કરવામાં પાછળ રહ્યા છે.

**૭. અનુભવી નિષ્ણાત લોકો દ્વારા લેખન-તાલીમ પ્રસરણનો અભાવ:-**

અનુભવી અને નિષ્ણાત અગ્રણી સમાજશાસ્ત્રીઓ પોતાના કાર્યનો નીચોડ પ્રાદેશિક ભાષામાં કે અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ કરાવે તો સમાજશાસ્ત્રની વ્યવહારિકતા લાગુ કરવામાં સરળતા રહે અનેક લોકોને તેનો લાભ મળી રહે. આમ અનુભવી અને સારા લેખકો પુસ્તકો લખે, લેખો લખે તો આ ક્ષેત્રનો વિકાસ ઝડપી બની શકે. નિષ્ણાત દ્વારા તૈયાર થતા પુસ્તકોનો અભાવ એ મોટો પડકાર બન્યો છે.

**૮. શિક્ષણ ક્ષેત્ર કરતા બિનશૈક્ષણિક ક્ષેત્ર તરફ ઉદાસીનતા :-**

સમાજશાસ્ત્ર સાથે કામ કરતા લોકો મોટે ભાગે શૈક્ષણિક ક્ષેત્રમાં કાર્ય કરવા આકર્ષાય છે તેનું કારણ શિક્ષણ-સંસ્કૃતિના ક્ષેત્રમાં.દરજ્જો ઉંચો પગાર વધારે છે. જયારે બિન શૈક્ષણિક ક્ષેત્રમાં દરજ્જો,પગાર જોઈએ એટલો નથી.તેથી સ્વાભાવિક રીતે જ બિનશૈક્ષણિક ક્ષેત્રમાં સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતાનો વિસ્તાર અટકી ગયો છે.જો એ પડકાર દુર કરી બિનશૈક્ષણિક ક્ષેત્રમાં ઉંચોદરજ્જો, ઉંચા પગારવાળી જોબ ઉભી કરવામાં આવે તો સમાજશાસ્ત્રનું મહત્વ વધી જશે તકોનો વિકાસ વધશે.

**૯. સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતા અંગેની ભ્રમણા :-**

મોટા ભાગે વ્યાવહારિક ઉપયોગીતાની વાત આવે એટલે સંશોધન અને સમાજ્કાર્ય ના ક્ષેત્ર દેખાય, કુટુંબ સલાહ કેન્દ્ર દેખાય પરંતુ સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતા અંગેની આ ભ્રમણા એ પડકાર બની જાય છે. સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતા આ ત્રણ ક્ષેત્રમાં સંશોધન અને સમાજ્કાર્યથી અનેક ઘણી વધારે છે.

દરેક ક્ષેત્રમાં રાજકારણ,અર્થકારણ ટેકનોલોજી વિજ્ઞાન વગેરે ક્ષેત્રમાં સમાજશાસ્ત્રને લાગુ કરી શકાય છે. માત્ર વિવિધ સમસ્યાના ઉકેલ તરીકે જ નહિ આયોજક તરીકે પણ કામ કરી શકે છે.

**સૂચનો-ઉપાયો :-**

ભારતમાં સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતાની તકો વિશાળ રહેલી  પરંતુ આપણે જોયું કે વિવિધ પડકારોને લીધે તક ઉપલબ્ધ બની નથી જો આપણે આ પડકારોને સમજી તેનો ઉકેલ લાવીએ તો ભારતમાં વ્યાવહારિક સમાજશાસ્ત્રનો વિકાસ ઝડપી બની શકે છે તેમજ તેનો લાભ બધાને મળી શકે છે. પડકારો ઉકેલવા માટે નીચેના સૂચનો-ઉપાયો કરવા જરૂરી છે.

**૧. અભ્યાસક્રમોમાં બદલાવ :-**

સમાજશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમોમાં સૈદ્ધાંતિક પાસાંના જ્ઞાન જેટલું જ વ્યાવહારિક પાસના જ્ઞાન પર ભાર મૂકી વૈજ્ઞાનિક તાર્કિક રીતે નવા અભ્યાસક્રમ બનાવવા જેમાં પ્રેક્ટીસ ઉપર વધુ ભાર મુકવાની જરૂર છે.

**૨. ઇન્ટરશીપ પ્રોગ્રામ ડેવેલોપ કરવા :-**

વ્યાવહારિક જ્ઞાન લાગુ કરવા માટે સમાજશાસ્ત્રના કોર્ષમાં જુદી-જુદી જાતના ઇન્ટરશીપ પ્રોગ્રામ દાખલ કરવા .આ માટે સંસ્થાઓ ,કંપનીઓ સાથે MOU કરવા જોઈએ.

**૩. શૈક્ષણિક-બિનશૈક્ષણિક ક્ષેત્ર વચ્ચેનું અંતર દુર કરવું :-**

આજકાલ શાળા-કોલેજ,યુનિ. અને NGO કંપનીઓ,સરકાર અલગ તેમજ કેટલીક વખત વિરોધી હોય તે રીતે વર્તે છે.તેમના વચ્ચેનું અંતર વધ્યું છે. તેના બદલે તે અંતર દુર કરી એકબીજાને પરસ્પર પૂરક બની મદદ કરવા સહાય કરવા સેવા આપવા લેવા પર ભાર મુકવા જોઈએ. આમ અંતર દુર કરવાથી વધારે લાભ મળશે.

**4. સમાજશાસ્ત્રની વ્યાવહારિક ઉપયોગીતાનું માર્કેટીંગ જરૂરી.પ્રચાર-પ્રસાર જરૂરી :-**

આપણે આપણા વિષયનું જ્ઞાન-તેમજ તેનું સમાજ માટે સમસ્યા હાલ કરવા માટે તેમજ સુંદર સમાજ નિર્માણમાં કેવી રીતે ખુબ ઉપયોગી બની શકે તેમ છે. દરેક ક્ષેત્રમાં કેવી રીતે મદદરૂપ બની શકે તેમ છે તે જણાવવા માર્કેટિંગ જરૂરી છે આજના માર્કેટીંગના જમાનામાં આપણી વ્યાવહારિક ઉપયોગીતાનું માર્કેટીંગ.પ્રચાર-પ્રસાર ખુબજ જરૂરી છે.

**૫. એપ્લાઇડ ટેકનીક્સ ડેવેલોપ કરવાની જરૂર:-**

સમાજશાસ્ત્રને વ્યવહારુ બનાવવા તેની ઉપયોગીતા વધારવા સામાજિક નિર્દેશકો,અસરકારક મૂલ્યાંકન પધ્ધતિ, કાર્યક્રમ વિકાસ કાર્યક્રમ મૂલ્યાંકનની નવી આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિ પ્રયુક્તિ ડેવલોપ કરવાની જરૂર છે. જો આમ કરવામાં આવશે તો આપણી કાર્યની વિશ્વસનીયતા યથાર્થતા વધશે અને આપણા વિષયમાં લોકોના વિશ્વાસ વધશે.

### ૬. માત્ર બૌદ્ધિક જગત સાથે સંકળાયેલા રહેતા સમાજશાસ્ત્રીઓ :-

વિદ્યાર્થીઓ,અધ્યાપકો તેમજ સમાજશાસ્ત્રીઓ માત્ર વૈજ્ઞાનિક જર્નલ –પુસ્તકમાં જ વિચારો રજુ કરે છે. તેને બદલે સચિવાલયો કોર્પોરેટ સેક્ટર,સંગઠનો,નેતાઓ વ્યવસાયિકો સમુદાય કાર્યકર્તાઓને સાથે આદાન-પ્રદાન કરીને આપણા વિષયના જ્ઞાન-કૌશલ્યથી પ્રભાવિત કરવા પડશે તેમની સાથે આપણી સમાજશાસ્ત્રીય દ્રષ્ટી શેર કરીશું તો તેઓ વ્યવસાયિક સમાજશાસ્ત્ર તરીકે સ્વીકારીશે.

### ઉપસંહાર :-

આજે ભારતમાં વિવિધ સામાજિક સમસ્યાઓ જટિલ બનતી જાય છે.વિકાસમાં અવરોધ બને છે.ત્યારે સર્વાંગી વિકાસ માટે સમાજશાસ્ત્રના જ્ઞાનનો ઉપયોગ અનિવાર્ય બન્યો છે. અહિયાં મુખ્ય ભાર સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ અને કામ કરનાર લોકોની તાલીમ સાથે કેટલીક રોજગાર વ્યવસાય વિસ્તારવાની વાત છે. ખાસ કરીને બિનશૈક્ષણિક ક્ષેત્રમાં અનેક નવા વ્યવસાય ઉભા થઇ શકે તેમ છે. આપણી શાખાના બૌદ્ધિકો નિષ્ણાતોના જ્ઞાન દર્શાવવા જરૂરી છે. અહિયાં  શુદ્ધ અને વ્યવહારુ સમાજશાસ્ત્ર ભાગલા નથી પાડવાના પરંતુ બન્ને વચ્ચે સેતુ બાંધી સમન્વય સાંધવાનો  છે. જો આ રીતે પ્રયાસ કરીશું તો એપ્લાઇડ સમાજશાસ્ત્રનું ભવિષ્ય ચોક્કસ ઉજ્જવળ છે. જગત આપણને સાંભળી રહ્યું છે આપણા કામને જોઈ રહ્યું છે. જો આપણા કાર્યથી  ખાતરી આપીશું કે સમાજ નિર્માણમાં આપણું કાર્ય સુસંગત છે. મુલ્યાવાળું પણ વૈજ્ઞાનિક છે. એટલું જ નહી  ખુબા ઉપયોગીતાવાળું છે. તેવું સ્પષ્ટતા સાથે બતાવવું પડશે અને આગળ વિસ્તરતા જવું પડશે.

### Bibliography:


I. Marvin E oksen and Michal miklin Handbook of Applied Sociology 1981. Prager Publication USA
II. Doylee paul and Jhonson The  challenge of Traini  in Applied Sociology.The American Sociologist Winter First Volum 18 Issue PP 356368
III. Peter H Rossi  The Challenge and Opportunity   of Applied Social Research. American   Sociological Review 1980
Vol-45  (December) 889-900
IV. Alvin Gondener – S.M. Miller  Applied Sociology Opportunities and Problems. www.gesting.com 571 1969


**********************************************************************


**ડો.ભુંપેન્દ્ર જે. બ્રહ્મભટ્ટ**
એસોસિએટ પ્રોફેસર
સમાજશાસ્ત્ર વિભાગ
એમ.પી .આર્ટસ એન્ડ એમ.એચ .કોમર્સ કોલેજ ફોર વિમેન
અમદાવાદ-૨૨


Copyright © 2012 - 2016 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat